સાગબારામાં છ કલાકમાં સાડા ચાર ઇંચ વરસાદ, નદીઓમાં ઘોડાપૂર

ગૌચરિયામાં નદીના ઘસમસતા પાણીના વહેણથી બચવા યુવાન ઝાડ ઉપર ચઢી ગયો

સાગબારા: નર્મદા જિલ્લામાં રેડ એલર્ટ વચ્ચે શુક્રવારે માત્ર છ કલાકમાં સાડા ચાર ઇંચ મેઘમહેર થઈ છે. જિલ્લામાં સૌથી વધુ સાગબારામાં ૫.૧૯ ઇંચ, ડેડિયાપાડામાં ૪.૧૦ ઇંચ અને ચીકદામાં ૨ ઇંચ વરસાદ ખાબક્યો હતો.

ભારે વરસાદને કારણે સેલંબા અને સાગબારા ખાતે આવેલી અંબિકા નદીમાં ઘોડાપૂરની સ્થિતિ સર્જાઈ છે. નદીના પાણી આસપાસની સોસાયટીઓમાં તેમજ સેલંબાના આંબાવાડી સહિતના વિસ્તારોમાં ઘૂસી જતાં અનેક વિસ્તારો જળબંબાકાર બન્યા છે. અનેક વાહનો પાણીમાં ડૂબી ગયાના અહેવાલો મળી રહ્યા છે.

તિલકવાડા તાલુકાના ગૌચરિયા ખાતે નદીના ઘસમસતા પાણીના વહેણથી બચવા 22 વર્ષીય શશીકાંત રમેશ તડવી ઝાડ ઉપર ચઢી ગયો હતો. સ્થળ ઉપર સરપંચ, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી તથા ગ્રામજનો દ્વારા તાત્કાલિક પહોંચી તેનું સફળ રેસ્ક્યુ કરવામાં આવતાં તે બચી ગયો હતો. સાગબારા તાલુકાના ઉમાન ગામે બે કુટુંબના સાત વ્યક્તિનું સ્થળાંતર કરવામાં આવ્યું છે.

કરજણ ડેમના ગેટ્સ ખુલ્લા, 53 હજાર ક્યુસેક્સ પાણી છોડાયું

કરજણ ડેમમાં ઉપરવાસથી પાણીની આવક વધતાં વહીવટી તંત્રે તબક્કાવાર ગેટ્સ ખોલવાનું શરૂ કર્યું છે. સવારે 8.10 કલાકે ગેટ નં.2,4,5,6 (2.40 મીટર) ખુલ્લા હતા. ત્યારબાદ સવારે 9.10 કલાકે ગેટ નં.3 અને 7 (2.40 મીટર) વધુ ખોલવામાં આવતાં ડેમમાંથી હેઠવાસમાં આશરે 53,483 ક્યુસેક્સ પાણીની જાવક ચાલુ કરી છે. તંત્ર દ્વારા ગેટ્સ મારફતે તબક્કાવાર કુલ આશરે 90,000 ક્યુસેક્સ પાણી છોડવાનું આયોજન કરાયું છે. નીચાણવાળા વિસ્તારોને સતર્ક રહેવા સૂચના આપવામાં આવી છે.

કાકડીઆંબા ડેમ 70% ભરાયો, વોર્નિંગ સ્ટેજ જાહેર

સાગબારાના કાકડીઆંબા ડેમમાં સતત વરસાદને કારણે જળસ્તર 186.75 મીટરે પહોંચ્યું છે, જે ક્ષમતાના 70% જેટલું છે. વહીવટી તંત્રે ડેમને 'વોર્નિંગ સ્ટેજ' પર જાહેર કર્યો છે. હેઠવાસનાં 10 જેટલાં ગામોના લોકોને નદી-નાળાથી દૂર રહેવા અને સૂચનાઓ પાળવા અપીલ કરાઈ છે. ડેમની આ સ્થિતિને ધ્યાને રાખીને વહીવટી તંત્રે સ્થાનિક ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગ દ્વારા ડેમને 'વોર્નિંગ સ્ટેજ' પર જાહેર કર્યો છે. ડેમના હેઠવાસમાં આવેલાં નાના કાકડીઆંબા, નાના ડોરઆંબા, મકરાણ, કુવડાવાડી, રોઝદેવ, દત્તવાડી, પાટી, ટાવલ, ઘોડામુંગ અને નાની દેવરૂપણ સહિતના 10 જેટલાં ગામોના લોકો માટે એલર્ટ જાહેર કરાયું છે.

નેત્રંગમાં 11 ઇંચ વરસાદથી જળબંબાકાર

વાલિયા અને નેત્રંગમાં નદીઓ ઊભરાતાં અંદાજે 725 લોકોને સ્થળાંતરિત કરાયા

વાલિયામાં કીમ-ટોકરી નદીએ 1994ની યાદ તાજી કરી, 15 ગામને અસર

ભરૂચ, નેત્રંગ: ભરૂચ જિલ્લામાં રેડ એલર્ટ વચ્ચે વહેલી સવારથી ખાબકેલા મુશળધાર વરસાદે જળબંબોળની સ્થિતિ સર્જી છે. શુક્રવારે માત્ર 12 કલાકમાં નેત્રંગ ખાતે સૌથી વધુ 11.05 ઇંચ વરસાદ નોંધાયો હતો. ભારે વરસાદને કારણે સાતપુડા પર્વતમાળામાંથી નીકળતી તમામ નદીઓ પૂરમાં ફેરવાઈ છે, જ્યારે જિલ્લાના તમામ ત્રણેય ડેમ 100 ટકા ભરાઈ જતાં સ્થિતિ વધુ ગંભીર બની છે. વાલિયા તાલુકામાં કીમ અને ટોકરી નદીના પૂરે 1994ની પૂરની યાદ અપાવી છે. નીચાણવાળા ગામો બેટમાં ફેરવાઈ જતાં વાલિયાનાં 7 ગામમાંથી 500થી વધુ અને નેત્રંગના અમરાવતી નદી કિનારેથી 225 મળી 725થી વધુ લોકોનું સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરાયું છે. બીજી તરફ ભરૂચ શહેરના કસક સર્કલ, સેવાશ્રમ રોડ અને ફુરજા બંદર જેવા વિસ્તારો તળાવમાં ફેરવાઈ જતાં જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. સ્થિતિની ગંભીરતા જોઈ પાલિકા પ્રમુખ દેવેન્દ્રસિંહ વસાવા, SDM મનીષા મનાણી અને ચીફ ઓફિસર હરીશ અગ્રવાલ સહિત પાલિકા ટીમે અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ પાણીના ઝડપી નિકાલ માટે તંત્રને સૂચના આપી છે.

પાણી ભરાવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને તા.1/8/2026ના રોજ જિલ્લામાં આવેલી તમામ સરકારી, ગ્રાન્ટેડ, ખાનગી પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, ITI, કોલેજો તેમજ CBSE/ICSE શૈક્ષણિક સંસ્થાઓમાં શૈક્ષણિક કાર્ય સંપૂર્ણપણે બંધ રહેશે. આ નિર્ણય કલેક્ટરની સૂચના અનુસાર વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે.

ભરૂચ જિલ્લાના ત્રણેય ડેમની સ્થિતિ

» પીંગુટ ડેમ સપાટી-140.60 મીટર (ઓવરફ્લો-139.70 મીટર) (119,14 ટકા), બલદેવા ડેમ સપાટી 142.20 મીટર (ઓવરફ્લો-141.50 મીટર) (113.86 ટકા), ધોલી ડેમ સપાટી 136.45 મીટર (ઓવરફ્લો-136 મીટર) (102,89 ટકા પાણી)

મૌઝા ગામમાં સ્થળાંતર: ૧૦૦ લોકોને આશ્રય

નેત્રંગના મૌઝા ગામના લુહાર ફળિયામાં વરસાદી પાણી ફરી વળતાં સ્થિતિ ગંભીર બની હતી. જાનમાલની સુરક્ષા ધ્યાને લઈ ASP, મામલતદાર અને પોલીસ કાફલાએ સ્થળ પર પહોંચી સ્થિતિ સંભાળી હતી. મૌઝા પ્રાથમિક શાળા ખાતે ૨૦ પરિવારના અંદાજે ૧૦૦ જેટલા લોકોને તાત્કાલિક સુરક્ષિત સ્થળે સ્થળાંતરિત કરવામાં આવ્યા છે.

ભરૂચ જિલ્લામાં ક્યાં કેટલો વરસાદ

નેત્રંગ	૧૧.૦૨ ઇંચ
અંકલેશ્વર	૫.૦૪ ઇંચ
વાલિયા	૪.૯૨ ઇંચ
ભરૂચ	૪.૮૪ ઇંચ
હાંસોટ	૪.૦૯ ઇંચ
ઝઘડિયા	૨.૯૧ ઇંચ
વાગરા	૨.૦૯ ઇંચ
આમોદ	૧.૧૮ ઇંચ
જંબુસર	૧.૦૬ ઇંચ

નેત્રંગની નવી વસાહતના નીચાણવાળા વિસ્તારના ઘરોમાં પાણી ભરાઈ જતાં વહીવટી તંત્ર તાત્કાલિક હરકતમાં આવ્યું હતું. જેસીબી મશીન દ્વારા પાણીનો નિકાલ કરવામાં આવ્યો હતો. ભરૂચ, નર્મદા સહિત 13 વરસાદ-પ્રભાવિત જિલ્લાઓ માટે રાજ્ય સરકારે મોટો નિર્ણય લેતા તમામ ધારાસભ્ય, કલેક્ટરથી માંડીને વર્ગ-1 અધિકારીઓની રજાઓ તાત્કાલિક અસરથી રદ કરી દેવાઈ છે. ભરૂચ, નર્મદા સહિત અસરગ્રસ્ત 13 જિલ્લામાં 24x7 કંટ્રોલ રૂમ કાર્યરત રાખવામાં આવશે.

જર્જરિત દીવાલ ઢળી પડતાં વાહનો દબાયાં

ભરૂચ: ભરૂચના કસક વિસ્તારની ન્યૂ નવી નગરીમાંશુક્રવારે બપોરે એક જર્જરિત દીવાલ અચાનક ધરાશાયી થઈ હતી. આ દુર્ઘટનામાં કાટમાળ નીચે પાર્ક કરેલી પાંચ મોપેડ અને બે સાઇકલ દબાઈને ક્ષતિગ્રસ્ત થઈ હતી. સદનસીબે તે સમયે કોઈ હાજર ન હોવાથી જાનહાની ટળી હતી. ઘટના બાદ સ્થાનિકોએ ચોમાસા દરમિયાન જોખમી માળખાનું સર્વેક્ષણ કરવા તંત્ર પાસે માંગ કરી છે.

ઝઘડિયાના કાંટોલ ગામે વાહન વ્યવહારને અસર

ભરૂચ, ઝઘડિયા: ઝઘડિયા તાલુકામાં છેલ્લા 24 કલાકથી વરસી રહેલા ભારે વરસાદને કારણે કાંટોલ ગામનો સંપર્ક થોડા કલાકો માટે સંપૂર્ણપણે તૂટી ગયો હતો. ભીલવાડાથી કાંટોલ ગામને જોડતા મુખ્ય માર્ગ પર મધુમતી નદીના પાણી ફરી વળતાં આ માર્ગ વાહનવ્યવહાર માટે બંધ કરવામાં આવ્યો હતો. જોકે, વરસાદ ઓછો થતાં નદીનું પાણી ઘટતાં માર્ગ પર વાહનવ્યવહાર ફરી શરૂ થઈ ગયો હતો.

ઘોડાપૂરને કારણે અંકલેશ્વરના પીરામણ બ્રિજ નજીક કાર ફસાઈ, બેને બચાવાયા

ભરૂચ, અંકલેશ્વર: અંકલેશ્વરમાં ભારે વરસાદને કારણે આમલાખાડીમાં પૂરની પરિસ્થિતિ સર્જાઈ હતી. પીરામણ બ્રિજ નજીક પાણીના ભયજનક પ્રવાહ વચ્ચેથી પસાર થવા જતાં એક તવેરા કાર તણાઈ ગઈ હતી. કારમાં સવાર બે લોકોના જીવ જોખમમાં મુકાતાં જ પીરામણના રહીશ ફારૂકભાઈ અને મેહમુદભાઈએ પોતાના જીવની પરવા કર્યા વગર ઘસમસતા પાણીમાં ઝંપલાવ્યું હતું. બંને સાહસિક યુવાનોએ ભારે મુશ્કેલીઓ વચ્ચે પ્રવાહ સામે તરીને કાર સુધી પહોંચી બે જણાને સુરક્ષિત બહાર કાઢ્યા હતા. સ્થાનિકોએ આ યુવાનોની બહાદુરી અને માનવતાની મુક્ત કંઠે પ્રશંસા કરી છે.

અમરાવતી નદીમાં ઘોડાપૂર, ગાયની સાહસિક સફર

ભરૂચ: અમરાવતી નદીનું પાણીનું વહેણ અચાનક વધી જતાં સ્થાનિકોમાં ચિંતાનો માહોલ સર્જાયો હતો. નેત્રંગના ગાંધી બજારથી સામેના ભાઠા ફળિયા તરફ જતા લોકો સામાન્ય રીતે સૂપડીના સહારે નદી પાર કરતા હોય છે, પરંતુ આજે વહેણ એટલું તીવ્ર હતું કે કોઇપણ વ્યક્તિ જોખમ લેવા તૈયાર નહોતી. દરમિયાન નદીના બે કાંઠા વચ્ચે વહેતા પાણીમાં એક ગાય ફસાઇ ગઇ હતી. ઘસમસતા નીરમાં પગ લપસતા ગૌમાતાની હાલત નાજૂક બની હતી, પણ તેણે અવિરત પ્રયત્નો કરીને સામેના કિનારા સુધી પહોંચવાની સાહસિક કોશિશ કરી હતી. આખરે કુદરતી પ્રવાહ સામે ઝઝૂમીને ગાયે સલામતી હાંસલ કરી, જોતજોતામાં આ ઘટનાએ આસપાસના લોકોનું ધ્યાન ખેંચ્યું હતું.

તબાહી: અંકલેશ્વરમાં ખેતરો બેટમાં ફેરવાયાં

અંકલેશ્વર: મુશળધાર વરસાદના પગલે અંકલેશ્વર પંથકનાં અનેક ગામોનાં ખેતરો બેટમાં ફેરવાઈ ગયાં છે. સીમ વિસ્તારમાં ગોઠણડૂબ પાણી ભરાઈ જવાથી ઊભા પાકને વ્યાપક નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. વરસાદી પાણી ખેતરોમાં ભરાઈ રહેતાં ખેડૂતો ભારે ચિંતામાં મુકાઈ ગયા છે. વાવણી બાદ તૈયાર થઈ રહેલા પાકમાં પાણી ફરી વળતા પાક ધોવાઈ જવાની કે કોહવાઈ જવાની શક્યતા સાથે ખેડૂતોને મોટું નુકસાન વેઠવાનો વારો આવશે.

સાવચેતી: વાલિયા-હાંસોટનાં ૧૯ ગામ તાત્કાલિક ખાલી કરાવવાનો આદેશ

ભરૂચ: કીમ નદી ઘોડાપૂર આવતા બે કાંઠે વહેતી થતાં વાલિયા અને હાંસોટ તાલુકાના કુલ ૧૯ ગામને તાત્કાલિક ખસી જવાની અપીલ કરવામાં આવી છે. વાલિયા તાલુકામાં ડહેલી, ડણસોલી, પણસોલી, કરા, ગાંધુ, શિર, દોલતપુર, કેસરગામ, ઈટકલા, તુણા, લુણા અને શીનાડા તેમજ હાંસોટ તાલુકાના ઈલાવ, ખરચ, કંટીયાજાળ, વમલેશ્વર, પાંજરોલી, ઓભા અને આસરમા ગામના રહીશોને સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરવા જણાવાયું છે.

આફત: અંકલેશ્વર પંથકમાં જળબંબાકારની સ્થિતિ

અંકલેશ્વર: બે દિવસના રેડ એલર્ટ વચ્ચે અંકલેશ્વર શહેર અને GIDC વિસ્તારમાં મેઘરાજાએ ધબધબાટી બોલાવતાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. દીવા રોડ, એશિયાડ નગર અને સંજય નગર જેવા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ઘરોમાં ઘૂસી ગયા હતા. પિરામણ નજીક આમલાખાડી ઓવરફ્લો થતાં શહેર અને GIDCને જોડતો માર્ગ બંધ થયો હતો, જ્યારે અંકલેશ્વર-હાંસોટ માર્ગ પર પુનગામ પાસે પાણી વહેતા પોલીસે નાના વાહનોની અવરજવર પર પ્રતિબંધ મૂક્યો છે. રૂરલ પોલીસ સ્ટેશન અને મામલતદાર કચેરી રોડ પર પણ પાણી ફરી વળ્યા છે. સ્થિતિ ગંભીર બનતા નગરપાલિકા, ફાયર બ્રિગેડ અને પોલીસ ટીમોએ બચાવ કામગીરી શરૂ કરી છે. નગરપાલિકા દ્વારા ફૂડ પેકેટ અને ખીચડીનું વિતરણ કરવામાં આવ્યું છે.

અંકલેશ્વર-હાંસોટ માર્ગ ઓવરફ્લો થતાં બંધ

અંકલેશ્વર, ભરૂચ: ભારે વરસાદને પગલે આમલાખાડીમાં પાણીની આવક વધતા ખાડી ઓવરફ્લો થઈ હતી. જેના કારણે અંકલેશ્વર-હાંસોટ રાજ્ય ધોરી માર્ગ પર કડકિયા કોલેજ નજીક બનાવવામાં આવેલા ડાયવર્ઝન ઉપરથી પાણી ફરી વળ્યું હતું. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા કોઈ અનિચ્છનીય અકસ્માત ન બને તે માટે તાત્કાલિક અસરથી ડાયવર્ઝન માર્ગ વાહનવ્યવહાર માટે બંધ કરી દેવામાં આવ્યો હતો. સ્થળ પર બેરિકેડિંગ ગોઠવી પોલીસ અને સ્થાનિક તંત્ર દ્વારા વાહનોને રોકી અન્ય માર્ગે ડાયવર્ટ કરવામાં આવ્યા હતા. માર્ગ બંધ થતા અંકલેશ્વર, હાંસોટ અને સુરત વચ્ચેનો મહત્વનો વાહનવ્યવહાર પ્રભાવિત થયો હતો. રોજિંદા અવરજવર કરતા નોકરિયાતો, વિદ્યાર્થીઓ, વેપારીઓ તેમજ અન્ય વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

કેશવાણ ગામે તળાવમાં ડૂબી જતાં આધેડનું મોત

ભરૂચ: વાગરાના કેશવાણ ગામે એક દુ:ખદ ઘટના સામે આવી છે. ગામના તળાવમાં ન્હાવા ગયેલા 50 વર્ષીય સુરેશભાઈ ઉર્ફે ગરબડ ચંદુભાઈ રાઠોડ ઊંડા પાણીમાં સરકી જતાં ડૂબી ગયા હતા, જેથી તેમનું કરુણ મોત નીપજ્યું હતું.

સાગબારાના સેલંબા ગામમાં ભારે વરસાદ બાદ ત્રણ કોઝવે ડેમેજ

સાગબારા: સેલંબામાં ભારે વરસાદથી ઉપરવાસના પાણીના પ્રવાહથી ત્રણ કોઝવેને નુકસાન પહોંચ્યું હતું. બ્રિજ પર કચરો જમા થઈ જતાં વાહનવ્યવહાર ખોરવાયો હતો. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક ગ્રા.પં., આપદા મિત્રો અને પોલીસ સ્ટાફે સતત વરસાદ વચ્ચે કામગીરી હાથ ધરી હતી. જેસીબી વેડ કચરો હટાવી, અંબિકા નદીના સેલંબા મુખ્ય પુલ સહિત તમામ માર્ગો પર પાણીનો પ્રવાહ સરળ બનાવાયો હતો. રાહદારીઓની સુવિધા માટે ઝડપી સફાઈ હાથ ધરી વાહનવ્યવહાર પુન: શરૂ કરાયો હતો.

સાગબારા-ડેડિયાપાડાના રસ્તા અને બ્રિજ બંધ

સાગબારા, ભરૂચ: સાગબારા અને ડેડિયાપાડા તાલુકામાં ભારે વરસાદથી નદી-નાળાં ઉભરાતાં જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે. સાગબારાના દતવાડા-પાટ માર્ગ પર પાણી ફરી વળતાં વાહનવ્યવહાર ઠપ થયો છે. તેમજ ડેડિયાપાડાના જૂના મોજદા નજીકના બ્રિજ પર પાણીનો પ્રવાહ વધતાં સુરક્ષાના ભાગરૂપે બ્રિજ બંધ કરાયો છે.

ડેડિયાપાડાનાં ચાર ગામોની સગર્ભા મહિલાઓનું સુરક્ષિત સ્થળાંતર

રાજપીપળા: નર્મદા જિલ્લામાં અતિભારે વરસાદની આગાહી વચ્ચે આગોતરી તૈયારીઓ કરાઈ હતી. સાવચેતીના ભાગરૂપે રાજપીપળાના નરસિંહ ટેકરી વિસ્તારના નાગરિકોને સેન્ટર હોમ ખાતે સ્થળાંતરિત કરી રહેવા તેમજ ચા-નાસ્તાની સુવિધા પૂરી પાડવામાં આવી છે. અંતરિયાળ વિસ્તારોમાંથી પપ જોખમગ્રસ્ત સગર્ભા મહિલાઓને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સુરક્ષિત આરોગ્ય કેન્દ્રોમાં ખસેડાઈ હતી. ૭ મહિલાની સુરક્ષિત પ્રસૂતિ પણ સફળતાપૂર્વક થઈ છે. આ ઉપરાંત, વરસાદથી ક્ષતિગ્રસ્ત થયેલા કેવડિયા-તણખલા માર્ગના ડાયવર્ઝન પર યુદ્ધના ધોરણે મરામત કામગીરી શરૂ કરી દેવાઈ છે અને નાગરિકોને વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવા અપીલ કરવામાં આવી છે.

Milano MULTIPLEX

બારડોલી

Spider-Man:Brand New Day-2D
10:00am, 01:00pm, 04:00pm, 07:00pm, 10:00pm

Hip Hip Hurray-Gujarati
02:00pm, 06:00pm

Maaran-Gujarati - 05:00pm

Bhai Tera Star Hai - 03:30pm

Dhamaal 4 - 11:00am, 09:00pm

Jan Neta - 12:00pm, 09:30pm,

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333

મોજે ગામ હલધરૂના બ્લોક નં.૯૪ વાળી જમીન બાબતે ખરીદનાર સાવધાન

ડીસ્ટ્રીક્ટ સુરત સબ-ડીસ્ટ્રીક્ટ તાલુકે કામરેજનાં મોજે ગામ હલધરૂનાં સર્વે નં.૧૨/૧+૫૫, કે જેનો બ્લોક નં.૯૪(રીસર્વે પહેલાનો જુનો બ્લોક નં.૮૭) થી નોંધાયેલ ખેતીની જમીન જેનું કુલ સુમારે ક્ષેત્રફળ હે-આરે ૦-૪૩-૦૬, આકાર રૂા.પ.૦૧ પૈસા, ખાતા નં.૪૧૪૪ થી નોંધાયેલ બિનખેતી પ્રિપાત્ર સત્તા પ્રકાર વાળી ખેતીની જમીન ઠાકોરભાઈ બુધિયાભાઈ તથા હસમુખભાઈ બુધિયાભાઈની સંયુક્ત માલીકીની ચાલી આવેલ છે. સદરહુ જમીન વડીલો પાર્જીત છે. જમીન માલીકોની સ્વપાર્જીત નથી. અમારા અસીલ મહેન્દ્રભાઈ ઠાકોરભાઈ સોલંકીનો જન્મથી જ સદરહુ જમીનમાં હક્ક-હિસ્સો-હિત સમાયેલ છે. જેથી આ જાહેર ચેતવણી આપી જણાવવાનું કે સદરહુ જમીન માલીક ઠાકોરભાઈ બુધિયાભાઈના હિસ્સાની જમીન અંગે કોઈપણ વ્યકતી કે સંસ્થાએ સદરહુ જમીન બાબતે અમારા અસીલને જાણ કર્યા વિના કે તેમની સંમતિ વિના કોઈપણ જાતનો વ્યવહાર, વહીવટ કરવા- કરાવવા નહી અને આવા કોઈપણ જાતના વ્યવહાર કરવા- કરાવવામાં આવશે તો તેઓને તર-તકરાર સિવાય કાંઈ મળશે નહી. તેમજ નાહક ના પોલીસ પ્રકરણ તેમજ દિવાની કાર્યવાહીમાં સંડોવાવુ પડશે જેની આથી લાગતા વળગતા તમામનાઓએ નોંધ લેવી.

મારી સુચનાથી અને ફરમાઈશથી

અલ્પેશ એમ. પરમાર

તે મહેન્દ્રભાઈ ઠાકોરભાઈ સોલંકીના એડવોકેટ

ઓફિસ : 175-176, બીજો માળ, ગોલ્ડન પ્લાઝા કોમ્પલેક્ષ, કામરેજ ચાર રસ્તા, પોલીસ ચોકીની પાછળ, તા. કામરેજ, જિ. સુરત.